**રેગયુલર દીવાની મુકદમા નં. ૯૬ /૨૦૨૫ ના કામે આંક-૧ નીચે હુકમ.**

આ કામના પક્ષકારોએ **આંક-૩૨** ની કરારદાદની પુરસીસ થી દાવાની વિષય-વસ્તુ અંગે સમાધાન રજુ કરેલ છે. સદરહુ સમાધાન પુરસીસ પક્ષકારોને તેમના વકીલશ્રીઓની હાજરીમાં વાંચી સંભળાવતા પક્ષકારોએ તે કબુલ મંજૂર રાખેલ છે. સમાધાનને બીજો કોઈ કાયદાકીય બાધ નડતો ન હોય, સમાધાન જેન્યુન જણાતું હોય, સમાધાનની હકીકતે આ દાવો ફૈસલ કરવામાં આવે છે અને તે રીતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**"કરારદાદની પુરસીસ એ રીતની રજુ કરેલ છે કે,'**

આ કામમાં પક્ષકારોની માનસાથ નમ્ર અરજ કે, ઉપરોકત દાવામાં પક્ષકારોએ પરસ્પર નીચે મુજબની શરતોથી સમાધાન નકકી કરેલ છે.

(૧) આ સમાધાન મુજબ વાદીને તેના જમીનમાં રહેલ વારસાઇ હીસ્સો ફુલ એન્ડ ફાઇનલ સેટલમેન્ટ ની રકમ રુા.૧૦,૦૦,૦૦૦.૦૦ અંકે રુપીયા દસ લાખ રોકડા મળેલ છે તથા રુ.૭,૦૦,૦૦૦.૦૦ અંકે રુપીયા સાત લાખનો બેંક ઓફ બરોડા નો ચેક નં. ૦૦૦૦૩૦, તા.૦૮/૦૮/૨૦૨૬ ના રોજનો ચેક મળી ગયેલ છે. કુલ રુ.૧૭,૦૦,૦૦૦.૦૦ અંકે રુપીયા સતર લાખ વાદી ને મળી ગયેલ છે. જેની આથી પહોંચ આપે છે. આમ વાદીએ પ્રતી.નં.૨ પિતા ની માલીકી ની તમામ મિલકતોમાં તેના રહેલ હકક હીસ્સા રુપે આ રકમ સ્વીકારેલ છે. તેથી વાદી નો કે તેના વારસો નો તેના માતા પિતા ની કોઇ પણ મિલકતમાં હકક અધીકાર રહેતો નથી. તેથી વાદી આથી ખાત્રી અને ભરોસો, વચન અને વિશ્વાસ આપે છે કે ભવિષ્યમાં વાદી એ કે તેના વંશવારસો એ તેના માતા પિતાની કોઇ પણ સ્થાવર જંગમ મીલકતમાંથી ભાગ મેળવવા કોઇ દર-દાવો ફરીયાદ કરવાના નથી. આમ માતા -પિંતા ની તમામ મીકલત સબંધે ના તેના વંશ વારસો નો હિસ્સો જતો કરેલ છે. આમ છતાં દર-દાવો નોંધાવશે તો આ સમાધાન-કરાર ના આધારે આપોઆપ રદ બાતલ ઠરશે.પ્રતિવાદીઓ એ આપેલ ચેક પાસ થઇ જશે તેમ આથી પ્રતીવાદીઓ ખાત્રી અને ભરોસો આપે છે. ચેક પાછો ફરે તો તે સંજોગોમાં આ સમાધાન-કરાર આપો આપ રદ બતલ ઠરશે.

(2) વાદી ને માંગ્યા મુજબનો અને મરજી મુજબનો હીસ્સો મળી ગયેલ, આ કામના પ્રતીવાદી વાદગ્રસ્ત ખેતીની જમીન કોઇ પણ આસામી ને વેચાણ આપી શકશે તેમાં વાદી એ કોઇ વાંધો તકરાર લેવાનો નથી. અને જરુર પડચે સંમતી આપવાની છે તેવી સ્પષ્ટ સમજુતી સાથે હાલનું સમાધાન કરવામાં આવે છે.

(૩) આ કામના પ્રતીવાદીઓ એ તથા વાદીએ હાલનો દાવો સમાધાન થી ફેંસલ કરવાનો છે તેમજ પ્રતીવાદીએ દાખલ કરેલ ટી.પ.અપીલ નં.૧૮-૨૦૨૬ તથા ૧૯-૨૬ પાછી ખેંચી લેવાની છે. અને વાદી ને દાવાવાળી મીલકતમાં કોઇ હકક અધીકાર રહેતો ન હોય તેવું આથી વાદી સ્વીકૃત કરે છે. આમ આ કામના વાદી શેડયુઅલ- અ વાળી મીલકત અંગે પ્રતીવાદીના ટાઇટલ સંપુર્ણપણે કલીચર તેમજ પ્રતીવાદીની માલીકી અને કબજા હકકો સ્વીકૃત રાખે છે.

(૪) આપણે બંને પક્ષકારો ઘરમેળે સમાધાન થતા શેડયુઅલ -અ વાળી મીલકત સબંધે નામદાર કોર્ટ દવારા આપવામાં આવેલ મનાઇહુકમ તે આ સમાધાન થી રદ થાય છે. તેમ બંને પક્ષકારો સ્વીકારે છે.

ઉપર મુજબ કરારદાદની પુરસીસથી રેકર્ડ પર જરૂરી હુકમનામું કરવા પક્ષકારો સંમત અને ખુશ છે.

**::- હુ ક મ -::**

૧). આ કામના પક્ષકારોએ આંક-૩૨ ની સમાધાનની પુરસીસ થી દાવાની વિષય-વસ્તુ અંગે સમાધાન રજુ કરેલ છે. સદરહુ સમાધાન પુરસીસ પક્ષકારોને તેમના વકીલશ્રીઓની હાજરીમાં વાંચી સંભળાવતા પક્ષકારોએ તે કબુલ મંજૂર રાખેલ છે સદર સમાધાન પક્ષકારો એ રાજી-ખુશીથી, કોઈપણ જાતના દબાણ વિના સ્વેચ્છાએ કરેલ છે અને જે બદલ આ નીચે સહી કરેલ છે અને પક્ષકારોએ કબુલ-મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

સદર સમાધાનને બીજો કોઈ કાયદાકીય બાધ નડતો ન હોય, સમાધાન જેન્યુન જણાતું હોય, સમાધાનની હકીકતે આ દાવો ફેંસલ કરવામાં આવે છે

૨).	દાવાનું ખર્ચ પક્ષકારોએ પોતપોતાનું પોતે ભોગવવું.

૩).	નીયમ અનુસાર કોર્ટ ફી રીફંડ સર્ટીફીકેટ વાદી ના નામનું આપવું.

૪).	આંક- ૩૨ ની સમાધાનની પુરસીસ મુજબનું હુકમનામું દોરવું.

ઉપરોકત હુકમ આજ રોજ તા.૦૮ માહે-ઓગષ્ટ સને-૨૦૨૬ ના રોજ કાયમી લોક અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

જામનગર.
તા.૦૮/૦૮/૨૦૨૬.

**(ડો.આર.વી.જોહરી)**

**ત્રીજા એડી. સિવિલ જજ**
**જામનગર.**